|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# વાલ્મિકી સમાજમાં સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ

**વાઘેલા દક્ષા બી.**
**Ph.D વિદ્યાર્થીની (સમાજશાસ્ત્ર)**
**સ્કૂલ ઓફ હ્યુમિનિટિસ એન્ડ સોશિયલ સાયન્સિસ, (સમાજશાસ્ત્ર)વિભાગ,**
**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.**

**Abstract (સારાંશ)**

વિકાસ પ્રક્રિયા સાથે શિક્ષણને સીધો સંબંધ છે. આપણા દેશમાં સામાજિક-આર્થિક વિકાસ માટેનું પહેલું પગથિયું એ દેશના તમામ લોકોમાં પ્રાથમિક શિક્ષણનો ફેલાવો છે. ધાર્મિક કારણોસર આપણા દેશમાં દલિતો વર્ષો સુધી શિક્ષણથી વંચિત રહ્યા છે. હજુ પણ શાળાઓમાં કેટલીક જગ્યાએ સમાચાર માધ્યમોમાં જોવા, સાભળવામાં આવે છે અને અસ્પૃશ્યતા અંગેના દૃષ્ટાંતો અથવા વાલ્મિકી સમાજના બાળકો તરફ સેવાતી અવગણનાને કારણે તેમનું શિક્ષણ અવરોધાતું જોવા મળે છે. વાલ્મિકી સમાજમાં લોકવાયકાઓ પ્રમાણે નાની વયે સ્ત્રીઓને લગ્ન કરાવવામાં આવે છે. જેથી તેઓ અભ્યાસ કરી શકતાં નથી. આ સમાજમાં એવું લોકવાયકાઓ પ્રમાણે જોવા અને સાંભળવામાં આવે છે કે સ્ત્રીઓને લખતાં, વાંચતા આવડે એટલે બહુ થઈ ગયું અને ઘરની જવાબદારીઓને લીધે પણ સ્ત્રીઓ આગળ વધુ શિક્ષણ લઇ શકતી નથી. તેઓ વધુમાં વધુ પ્રાથમિક શિક્ષણ સુધી જ વધુ સ્ત્રીઓ ભણેલી જોવા મળે છે. પરંતુ સમયની સાથે સાથે થોડો બદલાવ આવતો જોવા મળે છે .સ્ત્રી શિક્ષણને અસર કરતાં પરિબળો (સમસ્યાઓ) નાની વયે લગ્ન, કૌટુંબિક અને સામાજિક અપેક્ષાઓ, શિક્ષણની તક ઉપલબ્ધિ નો ઊંચો ખર્ચ, ઘરથી શાળા નું અંતર, અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ જેવી વિવિધ સમસ્યાઓને લીધે સ્ત્રીઓને શિક્ષણ લેવામાં સમસ્યા જોવા મળે છે.

- પ્રસ્તુત શોધપત્રમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**Keyword-:**વાલ્મિકીસમાજ (Valmiki society), શિક્ષણ(Education), સ્ત્રીઓ(Women), પ્રાથમિક(Primary), માધ્યમિક (Secondary), ઉચ્ચ શિક્ષણ (Higher Education), અસ્પૃશ્યતા(Untouchability), અનુસૂચિત જાતિ (Schedule castes).

**અભ્યાસનો હેતુ** વાલ્મિકી સ્ત્રીઓની શૈક્ષણિક માહિતી મેળવવી.

**પ્રસ્તાવના:-**

ભારતમાં અસ્પૃશ્યોને આધુનિક શિક્ષણ મેળવવાનો અધિકાર અંગ્રેજોના સમયથી પ્રાપ્ત થયો. બધા વર્ગો માટે શિક્ષણ ખુલ્લું મુકાયું. પરંતુ શિક્ષણ સંસ્થાઓમાં અસ્પૃશ્યોને પ્રવેશ મેળવવાનો અધિકાર સૌપ્રથમ ઇ.સ.૧૮૫૬ માં મળ્યો. અનુસૂચિત જ્ઞાતિમાં સ્ત્રી શિક્ષણને પહેલા સ્વીકૃતિ અપાતી ન હતી. પરિણામે આવા સંજોગોમાં માતા-પિતા પોતાની પુત્રીઓને શાળામાં ભણવા મોકલતાં ન હોતા. આ

ઉપરાંત પિતૃપ્રધાન વ્યવસ્થા પુત્રીઓને ઘરકામ અને આર્થિક ઉત્પાદનનું કામ પણ કરવું પડતું હોવાથી ભણી શકતી ન હતી. નાની વયે લગ્ન કરાવી દેવાતાં અને શાળાના અભ્યાસક્રમમાં થતો ખર્ચ ,પરીક્ષા પદ્ધતિ, ફી નું ઊંચું ધોરણને લીધે સ્ત્રીઓની અનેક વિવિધ સમસ્યાઓ ને લીધે સ્ત્રીઓ શિક્ષણ અધવચ્ચેથી છોડી દે છે. પરંતુ સરકારની વિવિધ યોજનાઓ અમલમાં આવતા હવે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ધીમે-ધીમે વધતું જોવા મળે છે. સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજના હેઠળ તેઓને લાભ મળતો હોવાથી અને મફત શિક્ષણ, મફત ગણવેશ, મફત ભોજન જેવી વિવિધ સગવડો સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી હોવાથી હવે ગ્રામીણ વિસ્તારોમાં પણ સ્ત્રીઓને શિક્ષણઆપવામાં આવે છે. અને સ્ત્રીઓ વિવિધ પડકારો, સમસ્યાઓનો સામનો કરીને પણ વિવિધ યોજના હેઠળ આગળ વધુ શિક્ષણ મેળવી શકે છે.

**શિક્ષણ ની વ્યાખ્યા:-**

૧. "શિક્ષણ એ શિક્ષણ અને સમાજ વચ્ચેના સંબંધોનો વૈજ્ઞાનિક અભ્યાસ છે ." - ઓટાવે

૨. "હું તો બાળકની કેળવણી નો આરંભ તેને કંઇક ઉપયોગી શીખવીને કરું તેની કેળવણીને આરંભ થાય તે ક્ષણથી કંઈક નવું સર્જન કરવાનું શીખે". - ગાંધીજી

૩. "શિક્ષણ માનવ ને આત્મવિશ્વાસુ અને નિસ્વાર્થી બનાવે છે ." -ઋગ્વેદ

૪. "માનવી ને ચારિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તેને જ શિક્ષણ કહેવાય." - કૌટિલ્ય

૫. “શિક્ષણએ વાઘણના દૂધ જેવું છે જે કોઈ પીવે છે, તે ગર્જના કર્યા સિવાય રહેતું નથી.” -ડૉ. બાબાસાહેબ આંબેડકર

### ❖ ગુજરાત સાક્ષરતા દર ૨૦૧૧ (census2011.co.in)

ગુજરાતમાં સાક્ષરતા દરમાં 2011ની વસ્તી ગણતરી મુજબ 78.03% છે. તેમાંથી પુરુષ સાક્ષરતા 85.75% છે. જ્યારે સ્ત્રી સાક્ષરતા 69.68% છે. 2001માં ગુજરાતમાં સાક્ષરતા દર 69.14% હતો. જેમાંથી પુરુષ અને સ્ત્રી અનુક્રમે 79.66 અને 57.80 % સાક્ષર હતા.

વાસ્તવિક સંખ્યામાં, ગુજરાતમાં કુલ સાક્ષર 41,093,358 છે, જેમાંથી પુરુષો 23,474,873 અને સ્ત્રીઓ 17,618,485 છે.

### • સાક્ષરતા દર - અમદાવાદ શહેર

2011 માં અમદાવાદ શહેર તાલુકાનો સરેરાશ સાક્ષરતા દર 88.29% હતો. જેમાં પુરુષ અને સ્ત્રી સાક્ષરતા અનુક્રમે 92.3% અને 83.85% હતી .અમદાવાદ શહેર તાલુકામાં કુલ સાક્ષરતા દર 4,382,411 હતા. જેમાંથી પુરુષ અને સ્ત્રી અનુક્રમે 2,405,849 અને 1,976,562 હતા. (Censusindia.gov.in)

### • હિન્દુ સમાજ વ્યવસ્થામાં વાલ્મિકી સમાજની મહિલાઓનો દરજ્જો

હિન્દુ સમાજ વ્યવસ્થા ખાસ કરીને વેદકાળ પછી વર્ણવ્યવસ્થાના ઉદભવ અને વિકાસ ની સાથે અનેક ક્ષેત્રોમાં વહેંચાઈને જાતિ વ્યવસ્થાવાળી અને ઊંચનીચના ભેદભાવ અને શોષણના પાયા ઉપર ઉભેલા હિન્દુ સમાજમાં એવું કહેવાય છે કે શૂદ્ર (દલિત)કરતાં એ નિમ્ન સ્તરે કોઇ હોઇ તો તે નારી. આ નારી સમાજમાં કોઈ સૌથી વધુ અન્યાય, શોષણ અને વંચિતતા નો ભોગ બનતું હોય તો તે વાલ્મિકી સમાજની મહિલા ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં વહેલી સવારે હાથમાં ઝાડું લઈને સમગ્ર

વિસ્તારની ગંદકી દૂર કરી સફાઈ કરતી વાલ્મિકી સ્ત્રી, ઉનાળાના ધોમધખતા તાપમાં ખેતરમાં બાજરી વાઢતી વાલ્મિકી સ્ત્રી, ગામની સીમમાં ફરીને બાળપણથી જ લાકડાં વીણી લાવી અને કુટુંબ માટે ભોજન તૈયાર કરતી વાલ્મિકી સ્ત્રી, ગરીબાઈ સામાજિક તિરસ્કૃતતાપણું અને અપમાનજનક પરિસ્થિતિમાં વેઠવી પડતી અનેક મુશ્કેલીઓમાં તે પતિના ખભે ખભો મિલાવીને તેને ટેકો આ વાલ્મીકિ સ્ત્રી આપે છે. ઉચ્ચ જ્ઞાતિઓની  સ્ત્રીઓ કરતાં સમાજમાં અનોખી અલગ હોવા છતાં સ્ત્રી તરીકેની તમામ અસમાનતાઓ અને શોષણનો પણ એટલો જ ભોગ બનતી આવી છે. સમાજમાં અનેક જાતની સામાજિક અવહેલના અને વિટંબણા ભોગવતી તે જાહેરમાં તિરસ્કૃત થતી રહે છે. વાલ્મિકી સમાજ માં સ્ત્રીઓનો દરજ્જો વર્ષો પહેલાથી જ ખૂબ જ નિમ્ન રહેલો જોવા મળે છે જે અત્યારે પણ  સ્ત્રીઓનો દરજ્જો નિમ્ન છે જે વાસ્તવિકતા સાથેનું કડવું સત્ય છે.

- **ગુજરાતમાં વાલ્મિકી જ્ઞાતિની વસ્તી**

ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીના ૭.૪૧ ટકા છે આમાં અનુસુચિત જાતિઓની જે મુખ્ય ત્રણ જ્ઞાતિઓ છે તેમાં વસ્તીના પ્રમાણમાં વાલ્મિકી જ્ઞાતિ નો ક્રમ ત્રીજો છે પ્રથમ ક્રમે વણકર અને બીજા ક્રમે ચમાર છે રાજ્યમાં વાલ્મિકી જ્ઞાતિની વસ્તી નું પ્રમાણ જોઇએ તો તે નીચે મુજબ જોવા મળે છે.

**કોષ્ટક:૧ ગુજરાતમાં વાલ્મિકી જ્ઞાતિની વસ્તી**

| ક્રમ | વર્ષ | અનુસૂચિત જ્ઞાતિ ની વસ્તી | વાલ્મિકીજ્ઞાતિ ની વસ્તી |
|---|---|---|---|
| 1 | 1961 | 13,67,255 | 1,85,575 |
| 2 | 1971 | 18,25,432 | 2,32,856 |
| 3 | 1981 | 24,38,297 | 3,07,031 |
| 4 | 1991 | 30,60,358 | 3,92,027 |
| 5 | 2001 | 35,92,715 | 4,78,274 |

(પુસ્તક સંદર્ભ: Daites in western India) લેખક: ડૉ.મનુભાઈ મકવાણા

રાજ્યમાં વસ્તીની દૃષ્ટિએ અગ્રક્રમ માં સ્થાન હોવા છતાં અન્ય દલિત જ્ઞાતિઓની સરખામણીમાં વાલ્મિકી જ્ઞાતિનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ ખુબ જ ઓછો થયેલો જોવા મળે છે.

❖ **વાલ્મિકી સમાજની સ્ત્રીઓની શૈક્ષણિક સમકાલીન સમસ્યાઓ નીચે મુજબ છે.**

૧. વ્યાપક નિરક્ષરતા

૨. સ્ત્રી શિક્ષણનું નિમ્ન સ્તર

૩. ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ

૪. અપવ્યય અને સ્થગિતતા

૫. લગ્ન બાદ સ્ત્રીઓને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ

➢ **(૧) વ્યાપક નિરક્ષરતા :-**

સ્વતંત્રતા પહેલાં અને પછી ભારતની વસ્તી ગણતરીના આંકડા જોઈએ તો સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ જોવા મળે છે .

**કોષ્ટક:૨ ભારતમાં નિરક્ષરતાનું પ્રમાણ**

| વર્ષ | સ્ત્રી નિરક્ષરતા ની ટકાવારી | પુરુષ નિરક્ષરતાની ટકાવારી |
|---|---|---|
| 1951 | 92.1 | 75.1 |
| 1961 | 87.0 | 65.6 |
| 1971 | 81.3 | 60.5 |
| 1981 | 75.2 | 53.6 |
| 1991 | 60.6 | 36.2 |
| 2001 | 45.8 | 24.5 |
| 2011 | 35.36 | 19.11 |

(સંદર્ભ :- વસ્તી ગણતરી અહેવાલ 1951 થી 2011)

1951 થી 2001 નાં આંકડા જોતાં સ્ત્રી નિરક્ષરતા ઘટી છે. 1951માં દેશમાં 92.1% સ્ત્રી નિરક્ષરતા હતી. 2011માં 35.36% સ્ત્રીઓ નિરક્ષર છે. જે કોઇપણ દેશના વિકાસમાં અવરોધક બને છે. પુરુષોના સંદર્ભમાં સ્ત્રી નિરક્ષરતાની સંખ્યા ઊંચી રહી છે .એટલું જ નહી લગભગ બમણી છે.

**(૨) સ્ત્રી શિક્ષણનું નિમ્ન સ્તર :-**

સ્ત્રી શિક્ષણની નીચી કક્ષાએ સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યા છે. આજે પ્રાથમિક શાળામાં નોંધાયેલ સ્ત્રીઓની સંખ્યા વધુ છે. પરંતુ જેમ-જેમ પ્રાથમિક શાળામાંથી માધ્યમિક અને પછી ઉચ્ચતર માધ્યમિક તથા યુનિવર્સિટી કક્ષાનો શિક્ષણ મેળવતી જાય તેમ તેની ટકાવારી ક્રમશઃ ઘટતી જાય છે. 1981 અને 1991માંજુદાં-જુદાં વય જૂથ અનુસાર ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્ત્રી શિક્ષણની કક્ષા જોઈએ તો એમાં વધારો થયો છે. પરંતુ જેમ-જેમ ઉપરની કક્ષાએ જઈએ તેમ છોકરા કરતાં છોકરીઓની સંખ્યા નું શિક્ષણનું સ્તર ઓછું થતું જાય છે. ભારતમાં અક્ષરજ્ઞાન લીધેલ સ્ત્રીઓનો સમાવેશ શિક્ષિત માં થાય, પરંતુ મોટાભાગ ની સ્ત્રીઓ એ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હોય છે એટલે શિક્ષણની નીચી કક્ષાએ સમસ્યા છે.

**(૩) ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ :-**

સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ 1986-87 માં 30.6% અને 1992-93 માં 33% સ્ત્રીઓ નોંધાઈ છે. આમ 3% નોંધણી વધુ થઈ છે પરંતુ પુરુષોની તુલનામાં ઓછી છે. દેશના વિકાસમાં ઉચ્ચ શિક્ષણ લેતી સ્ત્રીઓની ભૂમિકા મહત્વની છે. પરંતુ એ માટે હજી 70% લોકો ઉદાસીન હોવાનું જોવા મળે છે.

**(૪) અપવ્યય અને સ્થગિતતા :-**

શાળાનું શિક્ષણ પૂરું કર્યા પહેલાં અધવચ્ચેથી શાળા છોડી દેવાનું પ્રમાણ છોકરા કરતા કન્યા ઓ માં ઘણું જ વધુ છે. પહેલા ધોરણમાં દાખલ થયેલી 10 કન્યાઓમાંથી માત્ર ત્રણ કન્યા પાંચમા ધોરણ સુધી પહોંચે છે. દર 13 કન્યાઓમાંથી એક છોકરી માધ્યમિક શિક્ષણ પૂરું કરે છે. શહેરી સમુદાય કરતા ગ્રામ્ય સમુદાયમાં આ પરિસ્થિતિ વધુ જોવા મળે છે. કન્યાઓના લગ્ન થઈ જાય એટલે મોટેભાગે

શિક્ષણ અધૂરૂં મૂકી દે છે કે છોડી દે છે. અધવચ્ચેથી શિક્ષણ છોડી દેવાનું વલણ ભારતીય સમાજમાં વધુ જોવા મળે છે .

ભારતમાં 2001-2002 માં ધોરણ 1 થી 7 માં 54.53% નો દર હતો. જેમાં 51.96% પુરુષો અને 58% સ્ત્રીઓનો સમાવેશ થાય છે. અને 1 થી 10 માં તે દર 62.28 થાય છે. જેમાં 66.58% પુરુષો અને 70.60% સ્ત્રીઓ નો સમાવેશ થાય છે.

**(૫) લગ્ન બાદ સ્ત્રીઓને શિક્ષણમાં પડતી મુશ્કેલી:-**

લગ્ન બાદ સ્ત્રીઓને ઘરની જવાબદારીથી તે શિક્ષણ ઉપર પુરતુ ધ્યાન આપી શકતી નથી. જેથી અધવચ્ચેથી શિક્ષણ છોડી દેવું પડતું હોય છે. જેથી ડગલેને પગલે શિક્ષણ લેવામાં મુશ્કેલી પડતી જોવા મળે છે. **સ્ત્રી શિક્ષણને અસર કરતા પરિબળો :-**

- **કૌટુંબિક અને સામાજિક પરિબળો:-**

**(૧) પરંપરાગત મૂલ્ય :-**

સ્ત્રીશિક્ષણ માં હજી પણ કેટલાક માતા-પિતા છોકરીઓને ભણવાની જરૂરિયાત સ્વીકારતા નથી. સ્ત્રીઓ એ વધુ સમય કુટુંબમાં વિતાવવો એવી કૌટુંબિક પરંપરા રહી છે. કેટલાક કુટુંબ છોકરીઓની ભૂમિકાને જ પ્રાધાન્ય આપે છે. શાળામાં મોકલવા એ તદ્દન અતાર્કિક, મુર્ખામી ભર્યું કે અર્થહીન માને છે આવી પરંપરા અને મૂલ્ય વ્યવસ્થા સ્ત્રીશિક્ષણને અવરોધે છે.

**(૨) નાની વયે લગ્ન :-**

કેટલાંક કુટુંબો અને સમૂહોમાં છોકરીઓને લોકવાયકાઓ મુજબ 14 થી 16 વર્ષની વયે પરણાવી દેવાય છે. કાયદાકીય વ્યવસ્થા હોવા છતાં 18 વર્ષ પહેલાં એને પરણાવી દઈ અભ્યાસ છોડાવી દેવાય અથવા તો આગળ ન વધાય એવા માતા પિતાનો આગ્રહ સ્ત્રી શિક્ષણ ને અવરોધે છે.

**(૩) કૌટુંબિક અને સામાજિક અપેક્ષાઓ** :-

કૌટુંબિક અપેક્ષાઓ સ્ત્રી ના ઉચ્ચ શિક્ષણને ઓછું સમર્થન આપે છે. જોકે હવે આમાં બદલાવ જરૂર આવ્યો છે. સ્ત્રીઓએ મેળવેલી સફળતા એમના માતા પિતાને અપેક્ષામાં બદલાવ લાવી શકે છે પરંતુ આજે પણ તેની પ્રાથમિક ભૂમિકા ગૃહિણી, સારી પતિવ્રતા સ્ત્રી, પત્ની અને માતા બનવાનું છે. જો સમય મળે તો કારકિર્દીને પ્રોત્સાહન અપાય છે .આવા સંજોગોમાં સ્ત્રી શિક્ષણ અસરકારક બનતું નથી .

**(૪) સમાજની સ્ત્રી શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા :-**

સ્ત્રીશિક્ષણ પ્રત્યે વર્ષો સુધી સમાજની ઉદાસીનતા હતી .બાળલગ્ન , પડદા પ્રથા વગેરેને લીધે ઘર શહેર કરતા ગ્રામ્ય વિસ્તારોમાં સ્ત્રી શિક્ષણની સાર્વત્રિક ઉદાસીનતા જોવા મળે છે. નિરક્ષરતા,અપવ્યય, સ્થગિતતા, વગેરેનું ઊંચું પ્રમાણ સ્ત્રીશિક્ષણ તરફની ઉદાસીનતા વ્યક્ત કરે છે .

**(૫) શિક્ષણની તકો ઉપલબ્ધિ નો ઊંચો ખર્ચ :-**

ભારતમાં 40% લોકો હજી ગરીબી અવસ્થામાં જીવે છે. આ ગરીબ વર્ગના લોકોની મૂળભૂત જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં, મકાન, દવાઓ વગેરેનો પણ પૂરતો સંતોષ મળતો નથી. સ્ત્રી શિક્ષણની સુવિધા છે. આ અંગે ગુજરાત જેવા રાજ્યોએ પ્રોત્સાહન પણ આપ્યું છે. પરંતુ માતા-પિતાને સ્ત્રી શિક્ષણનું વળતર મળવાનું નથી, એવું તેઓ સમજે છે.

❖ **શિક્ષણના રચનાતંત્રને સ્પર્શતા પરિબળો:-**

શિક્ષણના રચનાતંત્ર ના માળખાની અને લોકો સુધી શિક્ષણ પહોંચાડવાની અપૂરતી સુવિધા સ્ત્રી શિક્ષણને અસર કરે છે .

**(૧) ઘરથી શાળા વચ્ચે નું અંતર :-**

જ્યારે કુટુંબમાં બાલિકા પર નિયંત્રણો મુકાતા હોય ત્યારે ખાસ તો અમુક વયની થાય, ઉંમરલાયક થાય ત્યારે ઘર અને શાળા વચ્ચેનું અંતર બહુ હોવુ ન જોઇએ. 1989માં પ્રસિદ્ધ થયેલા પાંચમા અખિલ ભારતીય શૈક્ષણિક સર્વેક્ષણમાં જોવા મળ્યું છે કે 300 થી વસ્તુ વધુ વસ્તી ધરાવતા 32000 જેટલા વસવાટ કરતા સમુદાયો હજી પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે

**(૨) સ્ત્રી શિક્ષિકા નો અભાવ :-**

છોકરીઓનું શિક્ષણ શાળા એ તેમને સ્ત્રી શિક્ષિકા ભણાવે છે કે નહીં તેના પર આધાર રાખે છે. 1983 થી ભારત સરકારે શૈક્ષણિક રીતે પછાત એવા નવ રાજ્યોમાં સ્ત્રી શિક્ષિકાઓ ની નિમણૂંક કરવાનુકરવાનું જણાવ્યું હતું . મધ્યમ વર્ગની છોકરીઓ સ્ત્રીશિક્ષણને પ્રાધાન્ય આપે છે. માતા-પિતા પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષિકાઓને વધુ પ્રાધાન્ય આપે છે.

**(૩) અપૂરતી સુવિધાઓ:-**

શિક્ષણની અપૂરતી સુવિધાઓ માં પૂરતા ઓરડા ન હોય, કન્યા શાળા નો અભાવ, ખુલ્લી જગ્યા કે તંબુમાં શિક્ષણ અપાતું હોય, વર્ગમાં અપૂરતી સગવડ, શિક્ષણ વિહોણા વર્ગો, શિક્ષકોની વારંવાર ની ગેરહાજરી, એવી સુવિધાઓનો અભાવ શાળામાં પ્રાથમિક સવલતો ની સુવિધા વગેરે એના માટે જવાબદાર છે.

**(૪) અપૂરતી યોજનાઓ :-**

શાળામાં શિક્ષણમાં પ્રોત્સાહન મળે એ માટે સ્કોલરશીપ, મધ્યાહ્ન ભોજન, મફત પુસ્તકો, ગણવેશ વગેરેની સવલતો આપવામાં આવે છે. પરંતુ વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ મોડી મળે, સમયસર સાધનો ન મળે, એવી પરિસ્થિતિ ઉભી થતી હોય છે અથવા ઉભી કરવામાં આવે છે. એવી બાબતોને લીધે પ્રશ્નો ઊભા થતા હોય છે.

❖ **શિક્ષણની પધ્ધતિ ને સ્પર્શતા પરિબળો:-**

સ્ત્રીઓના નિમ્ન શૈક્ષણિક દરજ્જા માટે શિક્ષણ નું વિષયવસ્તુ અને શૈક્ષણિક વિચારસરણીનો ઘણો મોટો ફાળો છે.

**(૧) શિક્ષણની પદ્ધતિ**

આપણી શિક્ષણ પધ્ધતિ કેટલાક વિશિષ્ટ ધોરણો ઉપર ગોઠવાયેલી છે. જેવા કે શાળામાં દાખલ થવા માટેની ઉંમર,પરીક્ષાઓના પરિણામોને આધારે એક પછી એક ઉપલા વર્ગમાં બઢતી આપવા અંગેના નિયમો, નિશ્ચિત પુસ્તકો આ બધાના ધોરણો માન્ય હોય છે. શહેરી વાતાવરણ ના બાળકોની

ગ્રહણ કક્ષા જુદી હોય છે. દરેક જગ્યાએ શીખવવાની પદ્ધતિ જુદી હોય છે આ બધાને લીધે એક વાતાવરણમાં ઉછરેલો બાળક બીજે જલ્દીથી અનુકૂળ ન થાય તો શિક્ષણ પર વિપરીત અસર પડે છે .

**(૨) પાઠ્યપુસ્તકો**

બાળકો શાળાએ ભણવા આવે છે ત્યારે જુદા જુદા જ્ઞાતિ, વર્ગ કે ધર્મ સમુદાયોમાં થી આવે છે. કેટલીક બાળાઓ તો પોતાની ઇચ્છાથી નહીં પરંતુ ઘરના વડીલોની ઈચ્છા થી ભણવા આવે છે. તેઓ શાળા એ ઘણીવાર ઊતરતાંપણું, લઘુતાગ્રંથિ વગેરે અનુભવે છે. શાળાના પુસ્તકો, શિક્ષકો આ બધામાં એને જુદાપણું લાગે છે કન્યા શિક્ષણને ઉત્તેજન આપે તેવા સમયપત્રક, અભ્યાસક્રમો અને પુસ્તકો હોય તો સ્ત્રી સાક્ષરતા દરને વધારી શકાય.

**(૩) અભ્યાસક્રમ :-**

આપણા અભ્યાસક્રમો વ્યવસાયલક્ષી અને જીવનલક્ષી ઓછા છે .અપરિચિત સંજોગો, પરદેશી ભાષા વગેરે ને એમાં પ્રાધાન્ય અપાય છે. અભ્યાસક્રમો સમાજની બધી સ્તર રચના માટે જુદા -જુદા હોવા જરૂરી છે. પરંતુ સમાનતા અને ન્યાય માટે તેમાં સરખામણું જોવા મળે છે. આ અભ્યાસક્રમો વખતો વખત બદલવા જોઈએ. જે તે સમાજની સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને હોવા જોઈએ. પરંતુ એમાં જોવા મળતી વિસંગતતા શિક્ષણમાં રસ જગાવી શકતી નથી .

**(૪) પરીક્ષા પધ્ધતિ :-**

આપણી સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાણકારીનો અભાવ પદ્ધતિમાં વિદ્યાર્થીઓ ગોખણ શક્તિ પર વધુ ભાર મુકાય છે એનો સમય,પરીક્ષામાં પુછાતા પ્રશ્નોની પધ્ધતિ, પરીક્ષા માં ચાલતો ભ્રષ્ટાચાર સમય આધારિત બાબતો, એ બધામાં હજી કેટલીક ખામી છે. સફળતાના માપદંડ માટે આજની પરીક્ષા પદ્ધતિ અસરકારક પૂરવાર થઈ નથી .આવા બધા પરિબળોને લીધે સ્ત્રી શિક્ષણને જેટલું ઉત્તેજન મળવું જોઇએ તેટલું નથી.

### ❖ વાલ્મિકી સમાજની મહિલાઓની શિક્ષણની સ્થિતિ અને બંધારણીય જોગવાઈઓ:

ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિને શોષણ માંથી મુક્ત કરવા અને વિકસિત સમૂહો ની સમકક્ષ વિકાસની તક આપવા માટે તેમજ તેમની આર્થિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક વિકાસ થાય તે માટે બંધારણમાં નીચે મુજબની કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે.

(૧) બંધારણના આર્ટિકલ 15 પ્રમાણે કેવળ ધર્મ,જાતિ , જ્ઞાતિ, લિંગ, જન્મ સ્થાન તેમાંના કોઈના પણ આધારે રાજ્યના કોઇપણ નાગરિક તરફ ભેદભાવ રાખી શકશે નહીં. તેમજ દુકાનો, જાહેર રેસ્ટોરા, હોટલો અને જાહેર મનોરંજનના સ્થાનોમાં પ્રવેશ મેળવવા અંગે અથવા કૂવા, તળાવ,નાહવા માટે ના ઘાટો રસ્તાઓ કે જાહેર સ્થળો પર કોઈપણ પ્રકારનાં નિયંત્રણો લાદી શકાશે નહી.

(૨) આર્ટીકલ 29 પ્રમાણે (અ) ભારતના પ્રદેશમાં અથવા કોઈપણ ભાગમાં વસતાં કોઈપણ નાગરિકો જો વિશિષ્ટ ભાષા , લિપિ કે તેની પોતાની સંસ્કૃતિ ધરાવતાં હશે તો એને સાચવવાનો એમને અધિકાર રહેશે.

(૩) આર્ટીકલ 46 ના રાજ્યનીતિ અંગેના અગત્યના માર્ગદર્શક સિદ્ધાંત પ્રમાણે રાજ્ય અનુસૂચિત જાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની સંભાળ લેશે.

(૪) આર્ટીકલ 16 અને 335 પ્રમાણે રાજ્ય હસ્તકની નોકરીઓમાં પછાત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ છે.

(૫) આર્ટિકલ 330, 332 અને 334 પ્રમાણે લોકસભામાં અને રાજ્યોની વિધાનસભા માં તેમને માટે બેઠકો અનામત રાખવામાં આવશે.

(૬) અનુચ્છેદ 17 પ્રમાણે અસ્પૃશ્યતા નાબૂદ કરાઈ છે.

(૭) પછાત વર્ગોના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ હેઠળ અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં આર્થિક વિકાસ, શૈક્ષણિક વિકાસ, આરોગ્ય રક્ષણ , રહેઠાણની સુવિધા અને કાયદાકીય મદદ વગેરે ...

(૮) અનુસૂચિત જાતિઓના શૈક્ષણિક વિકાસ માટે કોલેજોમાં આંતરરાજ્ય મેટ્રિક પછીની શિષ્યવૃત્તિઓ ની યોજના, રોજગાર વિનિમય કેન્દ્રો પર તાલીમ તથા દોરવણી આપવી તથા લાયક વિદ્યાર્થીઓને પરદેશ અભ્યાસ કરવા માટેની શિષ્યવૃત્તિઓ ની યોજના વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે .

(૯) અનુસૂચિત જાતિઓના શૈક્ષણિક વિકાસ માટે સર્વ વિદ્યાર્થીઓને શિક્ષણ અને પરીક્ષા ફી ની માફી, વિદ્યાર્થીઓને પુસ્તકો માટે આર્થિક સહાય, શૈક્ષણિક સાધનો, ગણવેશ અને મધ્યાહ્ન ભોજન પુરા પાડવાની યોજના, આશ્રમ શાળાઓ શરૂ કરવાની યોજના, શાળા તથા છાત્રાલયોના મકાનો બાંધવા માટે આર્થિક સહાયની યોજના તદુપરાંત આ વર્ગોના વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ અને વ્યવસાયી શિક્ષણ સંસ્થાઓમાં અનામત બેઠકો રાખવામાં આવી છે .આમ, અનુસૂચિત જાતિઓના શૈક્ષણિક વિકાસ માટે ભારતીય બંધારણમાં વિશિષ્ટ જોગવાઈઓ અને અનેક શૈક્ષણિક વિકાસ કાર્યક્રમોના પરિણામે વર્તમાન સમયમાં ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ માં શિક્ષણની સ્થિતિ કેવી છે .તેની આંકડાકીય માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક:3 **ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં શિક્ષણ ÷**

| ક્રમ | વર્ષ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|
| 1 | 1961 | 33.9 | 10.7 |
| 2 | 1971 | 30.9 | 15.0 |
| 3 | 1981 | 53.1 | 25.6 |
| 4 | 1991 | 75.5 | 45.5 |
| 5 | 2001 | 82.56 | 57.58 |

સંદર્ભ:( ગુજરાત માં સ્ત્રીઓનો દરજ્જો પુસ્તક ) ડૉ. ચંદ્રિકા રાવલ ,ડૉ. શૈલજા ધ્રુવ.

1961માં અનુસૂચિત જાતિની સ્ત્રીઓમાં સ્ત્રી અક્ષર જ્ઞાન 10.7 ટકા હતું. તે વધીને 1991માં 45.5 ટકાએ પહોંચ્યું છે અને 2001માં એનું પ્રમાણ 57.58 ટકા થયું છે .સરકારે અનુસૂચિત જાતિઓ માટે સકારાત્મક પગલાં લીધા છે એની અસર સ્ત્રી શિક્ષણ પર પડી છે .વળી , સ્ત્રી-પુરુષ વચ્ચે અક્ષરજ્ઞાન નો તફાવત થોડો ઘટ્યો છે જોકે હજુ અડધા ભાગની અનુસૂચિત જાતિની સ્ત્રીઓ નિરક્ષર જોવા મળે છે. 2001માં આ તફાવત ઘણો જ ઘટ્યો છે અને અક્ષરજ્ઞાન નું પ્રમાણ વધ્યું છે.

ટેબલમાં દર્શાવ્યું છે તે મુજબ અનુસૂચિત જાતિનો સ્ત્રી અક્ષરજ્ઞાન દર ઘણો ઓછો છે .પરંતુ 1961થી 1999 -2000 વચ્ચે લગભગ પાંચ ગણો સુધર્યો છે .1999 -2000 માં તે 55.48 %થયો છે .

**•શિક્ષણ વધારવા માટે અપનાવવામાં આવેલી મહિલાઓ માટેની યોજનાઓ-:**

- બાલ પ્રવેશ /મધ્યાહ્ન ભોજન યોજનાઓ
- નિરોગી બાલ
- વિદ્યાલક્ષ્મી બોન્ડ
- વિદ્યાદીપ યોજના
- શિક્ષક તાલીમ અને શિક્ષક તાલીમ કાર્યક્રમ

**❖ બાલ પ્રવેશ /મધ્યાહ્ન ભોજન યોજનાઓ:-**

બાલ પ્રવેશ અને નિરોગી બાલ જેવી સરકારી યોજનાઓને પણ કન્યા-કેળવણી અભિયાનનો એક ભાગ બનાવવામાં આવી છે .

સરકારી ગ્રામીણ વિસ્તારોમાં 100% સાક્ષરતા સુનિશ્ચિત કરે છે. કારણ કે તે બાળ પ્રવેશ ને પ્રોત્સાહિત કરે છે .પ્રવેશ ફ્રોમ આપીને અને રાજ્યમાં 525,000થી વધુ છોકરીઓને કન્યા કેળવણી ડ્રાઈવ માં દાખલ કરીને પ્રધાનો અને અન્ય સરકારી અધિકારીઓ માતા-પિતાને તેમના બાળકોને શિક્ષણ માટે દાખલ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. અને પ્રેરિત કરે છે કારણ કે તે ગરીબી સામે લડવા નું મુખ્ય પરિબળ છે .અને મધ્યાહ્ન ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

**• નિરોગી બાલ :-**

બાળ પ્રવેશ સાથે નિરોગી બાળ યોજના પર સરકાર સુનિશ્ચિત કરે છે કારણ કે જ્યારે તે વર્ગખંડ માં ભણે છે ત્યારે આરોગ્ય બાળકની મુખ્ય ચિંતા છે .નિરોગી બાળ સાથે આરોગ્ય માટે સાક્ષરતા 2008-09 માટે ગુજરાતના સામાજિક વિકાસ પર અસર સાથે સુરક્ષિત આરોગ્ય માટે જન આંદોલન સાથે જાહેર કરવામાં આવી છે તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણ અને જીવન કૌશલ્ય શિક્ષણની બાંયધરી આપવાનું ઘણા લક્ષ્યોમાંનું એક છે .

**• વિદ્યાલક્ષ્મી બોન્ડ :-**

ગુજરાત સરકાર ગરીબી નાબૂદી માં શિક્ષણની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આ અભિયાનનો ઉદ્દેશ્ય રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં છોકરાઓ અને છોકરીઓ ની મહત્તમ નોંધણી સુનિશ્ચિત કરવાનો છે .કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ નીચા સાક્ષરતા દર ધરાવતા વિસ્તારોમાં સોંપવામાં આવે છે અને આ ગરીબ માતા-પિતા ને તેમની પુત્રીઓને શાળાઓમાં મોકલવા માટે પ્રોત્સાહન આપે છે .

**• વિદ્યાદીપ યોજના :-**

વિદ્યાદીપ યોજના વીમા યોજના બાળકોને અપનાવવામાં આવે છે જ્યાં કોઈ અનિશ્ચિત અનિચ્છનીય બનાવ બને તો માતા-પિતાને આર્થિક સહાયની ખાતરી કરવા માટે સરકાર દ્વારા પ્રીમિયમ ચૂકવવામાં આવે છે.

**•શિક્ષક તાલીમ અને શિક્ષક તાલીમ કાર્યક્રમ:-**

કન્યા કેળવણી પહેલ માટે ,યોગ્ય શિક્ષકોની ભરતી માટે સરકાર દ્વારા યોગ્ય કાળજી લેવામાં આવે છે .સરકાર શિક્ષક તાલીમ કેન્દ્રોની સ્થાપના કરે છે અને શિક્ષણ સુધારણા કાર્યક્રમો હેઠળ ,શાળા વિકાસ સંસ્થાઓને અનુદાન મળે છે અને ઉન્નત શિક્ષણ પ્રમાણપત્રો મેળવવા માટે શિક્ષક પ્રોત્સાહન મળે છે. ડિસ્ટન્સ ટીચર્સ પ્રોગ્રામ માટે સરકાર દ્વારા પહેલ કરવામાં આવે છે .

ગુજરાત સરકાર જીવન પરિવર્તન કરે છે અને ગાંધીવાદી સિદ્ધાંતોને અનુસરે છે ગાંધીજીએ કહ્યું હતું કે "જો એક છોકરો ભણેલો હોય તો એક બાળક સાક્ષર બને છે. પણ જો એક છોકરી શિક્ષિત હોય તો આખા કુટુંબને સાક્ષરતા મળે છે". સરકાર જીવન સુધારવા અને શિક્ષણ -સામાજિક ,આર્થિક વૃદ્ધિ માટે લોકોની માનસિકતામાં ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં માને છે.

(https://gujaratindia.gov.in)

**❖ સૂચનો :-**

(૧) સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ દૂર કરવાં માટે સરકારે વિવિધ યોજનાઓ અને લાભ મળે તેવા પોસ્ટરો દ્વારા સમાજને અને લોકોને માહિતગાર કરવા જોઈએ.

(૨) સ્ત્રીઓને શિક્ષણ માટે દૂર ના જવું પડે તે માટે વિવિધ વિસ્તારોમાં સરકારી શાળાઓ શહેરોમા6 હોવી જોઈએ અને ઘરથી શાળા નું અંતર નજીક હોવું જોઈએ .

(૩) સ્ત્રીઓને અભ્યાસના પુસ્તકો અને ગણવેશ ફ્રી માં આપવા જોઈએ અને પ્રોત્સાહન આપવું જોઇએ .

(૪) સ્ત્રીઓને શિક્ષણ શીખવવાની પદ્ધતિ સમયાંતરે સરળ હોવી જોઈએ .

(૫) સરકાર દ્વારા સ્ત્રીઓના શિક્ષણ માટે માતા-પિતાને શિક્ષણ અંગે પ્રેરિત અને માર્ગદર્શન આપવું જોઇએ. જેથી સ્ત્રીઓને આગળ ભણાવવા માટે પ્રોત્સાહન મળી રહે.

(૬) એક સ્ત્રી સાક્ષર હશે તો એક કુટુંબ સાક્ષર થઈ શકશે અને તેનાથી તેનાથી શૈક્ષણિક સમસ્યાઓ દૂર થતી જોવા મળે છે. છે.તેવી માહિતિ માતા-પિતા ને આપવી જોઈએ.

(૭) સ્ત્રીઓને શૈક્ષણિક સમસ્યાઓ દૂર કરવા માટે સરકારે સમયાંતરે સ્કોલરશીપમાં વધારો અને સહાય આપવી જોઈએ.

**❖ ઉપસંહાર :-**

આ સંશોધન લેખ વાલ્મિકી મહિલાઓના શિક્ષણ આધારિત લેખ છે. જેમાં સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ જેવી કે વ્યાપક નિરક્ષરતા ,સ્ત્રી શિક્ષણની નીચી કક્ષા, ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓનું ઓછું પ્રમાણ , અપવ્યય, સ્થગિતતા જેવી સમસ્યાઓ પરંપરાગત મૂલ્ય ,નાની વયે લગ્ન સામાજિક અને કૌટુંબિક અપેક્ષાઓ , શિક્ષણનો ઊંચો ખર્ચ ,ઘરથી શાળા નું અંતર ,અપૂરતી સુવિધા જેવી સમસ્યાઓને કારણે સ્ત્રીઓમાં શિક્ષણ ઓછું જોવા મળે છે પરંતુ સરકારની વિવિધ યોજનાઓના પરિણામે અત્યારના સમયમાં શિક્ષણ નું પ્રમાણ વધતું જોવા મળે છે .

**❖ સંદર્ભ સૂચિ :-**

(૧) ભારતીય સમાજમાં સ્ત્રી જીવન, દેસાઈ નીરા (1963), આર.આર.શેઠ ની કંપની, મુંબઈ

(૨) “સ્ત્રીઓ અને સમાજ”, શાહ.એ.જી (1995 -96), અનડા પ્રકાશન

(૩) જેન્ડર, રાવલ ચંદ્રિકા (2019), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(૪) Women Education and Development a new Perspective, Janardan Prasad and Vijaykumari Kaushik (1995)

(૫) ગુજરાતમાં સ્ત્રીઓનો દરજ્જો, ડૉ.ચંદ્રિકા રાવલ, ડૉ, શૈલજા ધ્રુવ(2008),પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(૬) એકવીસમી સદીમાં મહિલાઓ નું સ્થાન અને ભૂમિકા, ડૉ.રમેશ મકવાણા (2009),પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

(૭) Dalits in Western India, ડૉ.મનુભાઈ મકવાણા(2010),Santi prakashan

(૮) સમાજ વ્યવસ્થામાં દલિત નારી, ડૉ.મનુભાઈ મકવાણા (2008), સુરભી પ્રકાશન

(૯) Caste,Class and Occupation, G.s.Ghurye

(૧૦) Indian society, S.c dube

(૧૧) Caste in India, J.H.Hutton

(૧૨) Census 2011.co.in

(૧૩) Censusindia. Gov.in

(૧૪) https://Gujaratindia.gov.in

(૧૫) www.sje.gujarat.gov.in